ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

# કર્મયોગી ભવનમાં ગૌણ સેવા પસંદગી બોર્ડની ઓફિસમાં આગ

## આગમાં ઓફિસનું ફર્નિચર બળીને ખાક, આગ લાગતા કર્મચારીઓમાં દોડધામ મચી, ફાયર જવાનોએ પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવ્યો












ગાંધીનગર, તા.૮

ગાંધીનગર શહેરના કર્મયોગી ભવન બ્લોક નં.૨ ના પ્રથમ માળે ગૌણ સેવા પસંદગી મંડળની કચેરી ખાતે બપોરના સમયે આગ ભભુકી ઉઠી હતી. કચેરીમાં આગની જવાળાઓ જોતા અધિકારી-કર્મચારીઓમાં દોડધામ મચી જવા પામી હતી. બનાવની જાણ થતા ગાંધીનગર ફાયર ટીમના જવાનોએ પહોંચી જઈ પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવી લીધો હતો. આગ કાબુમાં આવતા કર્મચારીઓએ રાહતનો શ્વાસ લીધો હતો.જયારે આગમાં એસી, કોમ્પ્યુટર,ટેબલ-ખુરશી, સહિતનો સામાન બળીને રાખ થઈ ગયો હતો.

મળતી વિગત મુજબ ઉનાળાના પ્રારંભથી જ આગના



બનાવમાં વધારો જોવા મળી રહ્યો છે. ઉનાળાની કાળઝાળ ગરમીમાં ગમે તે સમયે કાર,ઘર તેમજ ઓફિસમાં શોર્ટસર્કિટથી આગ ભભુકી ઉઠે છે. ત્યારે આજે સેકટર-૧૦ કર્મયોગી ભવન સ્થિત ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળની કચેરી ખાતે બપોરના સમયે ઓફિસમાં અચાનક એસીમાં ધડાકો થઈ આગ લાગી હતી. આગ લાગતા અધિકારી-ક્રમચારીઓ બહાર નીકળી ગયા હતા. આગમાં કોઈ જાનહાની થવા પામી નથી.પરંતુ આગની જવાળાઓ જોતા તમામના અધિકારી-કર્મચારીઓના જીવ પડીકે બંધાયા હતા. ધુમાડાના ગોટેગોટા દુરદુર સુધી દેખાતા મોટી સંખ્યામાં ક્રમચારીઓ એકઠા થયા હતા. આગની જપેટમાં બે થી ત્રણ ઓફિસ આવતા ફર્નિચર, એસી, કોમ્પ્યુટર, સોફા, ટેબલ-ખુરશી સહિતનો સામાન આગની લપેટમાં આવી ગયો હતો. બનાવની જાણ થતા ફાયર ટીમના જવાનોએ સ્થળ પર પહોંચી ૧૫ હજાર લીટર પાણીનો છંટકાવ કરી આગ પર કાબુ મેળવી લીધો હતો. આગ વધુ પ્રસરે તે પહેલા ફાયર જવાનોએ તેના પર કાબુ મેળવી લીધો હતો. જો કે બાજુમાં આવેલા સ્ટ્રોંગરૂમમાં તમામ વસ્તુ સલામત રહી છે.

ગાંધીનગરના ચીફ ફાયર ઓફિસર કૈઝાદ દસ્તુરે જણાવ્યુ હતું કે પ્રાથમિક દ્રષ્ટિએ આગ એસીમાં શોર્ટસર્કિટથી લાગી હોવાનું અનુમાન છે. જયારે આગમાં ઓફિસમાં રહેલો સામાન બળી ગયો હતો. જયારે ૧૫ હજાર લીટર પાણીનો છંટકાવ કરી આગને કાબુમાં કરી દેવામાં આવી હતી.

# સે.૨૮ અને ૨૯માં મેંના અંતમાં પ્રાયોગિક ધોરણે ૨૪ કલાક સપ્લાય અપાશે

**હાલ એર વાલ્વની કામગીરી હાથ ધરવામાં આવી : ટ્રાયલ લેવા માટે તૈયારીઓ શરૂ**

ગાંધીનગર

ગાંધીનગરમાં ઘરે ઘરે ૨૪ કલાક પાણી આપવાની યોજના અન્વયે નવી લાઈન નાખવાનું કામ ચાલી રહ્યું છે જયારે આ યોજના અન્વયે આગામી દિવસોમાં સેક્ટર ૨૮ અને ૨૯માં ટ્રાયલ પણ હાથ ધરાશે મેં મહિનાના અંત સુધીમાં પ્રાયોગિક ધોરણે આ બન્ને સેક્ટરોમાં સપ્લાય આપવાનું આયોજન છે આ યોજના અન્વયે ત્રીજા માળ સુધી વગર મોટરે પાણી પહોંચે તે મુજબ આયોજન કરવામાં આવ્યું છે

ગાંધીનગરમાં ૨૪ કલાક પાણી આપવાની યોજના અન્વયે છેલ્લા ૨ વર્ષથી કામ ચાલી રહ્યું છે જેની પાછળ અંદાજિત રુ ૨૦૦ કરોડથી વધુ ખર્ચનો અંદાજ છે . આ યોજના ના અંતે દરેક પરિવારનો પાણીનો ખર્ચ ઘણો વધી પણ જશે પાણીના બિલની હાલમાં જેટલી રકમ વાર્ષિક ચૂકવવામાં આવે છે. તેટલી રકમ મહિને ચૂકવવાની થાય તેવી શક્યતા સંભાવના છે .

જોકે હાલમાં પણ વપરાશકારોને ધાબા પરની કે અન્ડર ગ્રાઉન્ડ ટાંકીઓ ભરવા માટે મોટર ચલાવીને વીજ વપરાશ પણ વધુ રહે છે . આ વીજ ખર્ચ બંધ થશે તેની સામે મીટરથી પાણીના વપરાશનો ખર્ચ થશે . જો કે ઈજનેરી સુત્રોના મતે વીજળીના વપરાશનો જે ખર્ચ પડે છે, તેના કરતા મીટરથી પાણી લેવાનો ખર્ચ ઓછો પણ થાય સ્માર્ટ સિટી અંતર્ગતની આ યોજનાના પગલે શહેરના તમામ સેક્ટર સહિત વિસ્તારો આડેધડ ખોદકામ થઈ રહ્યું છે જેના લીધે સેક્ટરવાસીઓ પરેશાની પણ વેઠી રહ્યા છે.

હવે ૨૪ કલાક પાણી આપવા માટે સેક્ટર ૨૮ અને ૨૯થી પ્રાયોગિક શરૂઆત કરવા માટે તંત્રએ તૈયારી શરૂ કરી દીધી છે જોકે જુની લાઈનો અને જુના હાઉસ કનેક્શન સુરક્ષાના કારણોસર તુરંત બંધ કરવામાં આવશે નહીં.જયારે હાલ એર વાલ્વ ની કામગીરી ચાલી રહી છે મેં મહિનાના અંતમાં પ્રાયોગિક ધોરણે સે ૨૮ અને ૨૯ માં સપ્લાય આપવા આયોજન થઈ રહ્યું છે.

# પ્રધાનમંત્રીની ૧૨મીની મુલાકાતને લઈ શહેરમાં તૈયારીઓનો ધમધમાટ

ગાંધીનગર, તા. ૮

આગામી ૧૨મીના રોજ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની ગાંધીનગરની મુલાકાતને લઈ તંત્ર દ્વારા તડામાર તૈયારીઓ આરંભી દેવામાં આવી છે.

પ્રધાનમંત્રી મોદી ૧૨મીએ શિક્ષક સંઘના રાષ્ટ્રીય અધિવેશનમાં હાજરી આપશે. આ અધિવેશનને ખુલ્લુ મુક્યા પછી તેને તેઓ સંબોધશે.

પ્રધાનમંત્રી આજ દિવસે મહાત્મા મંદિર ખાતે રાજ્યના વિવિધ વિકાસકામોનું લોકાર્પણ તેમજ ખાતવિધિ કાર્યક્રમમાં પણ હાજરી આપશે. મહાત્મા મંદિર ખાતે યોજાનાર આ વિકાસ પર્વની ઉજવણીના આયોજનની તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. મળતી વિગતો પ્રમાણે પ્રધાનમંત્રી મોદીના હસ્તે રાજ્યમાં પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ નિર્માણ થયેલ ૪૨ હજારથી વધુ આવાસોનું લોકાર્પણ કરવામાં આવશે. તેમજ ચાર હજારથી વધુ નવી આવાસ યોજનાઓની ખાતવિધિ કરવામાં આવશે.

મહાત્મા મંદિર ખાતે યોજાયેલ વિકાસપર્વમાં વોટર

● અનુસંધાન પાન-૭ પર

# લવારપુર પંચાયતને કેમ સુપરસીડ ન કરવી તેવી નોટીસ વિકાસ કમિશનર કચેરીએ પાઠવી

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર તાલુકાની લવારપુર ગ્રામ પંચાયતને કેમ સુપરસીડ ન કરવી તેને લઈ વિકાસ કમિશનરની કચેરીએ સરપંચ સહિત પંચાયતના સભ્યોને નોટીસ પાઠવી અને ૧૫ દિવસમાં જવાબ રજુ કરવા જણાવ્યુ છે.

લવારપુર ગ્રામ પંચાયતનુ બજેટ વર્ષ-૨૦૨૩-૨૪નુ બે વખત પંચાયતની સામાન્ય સભામાં ના મંજૂર થતાં જિલ્લા પંચાયતે ગ્રામ પંચાયતને સુપરસીડ કરવાની કાર્યવાહી માટે દરખાસ્ત મોકલી આપતાં વિકાસ કમિશનરની કચેરી હવે હરકતમાં આવી છે.

૩૧મી માર્ચ સુધીમાં પંચાયતનુ બજેટ મંજૂર કરવુ ફરજીયાત છે જે બે વખત ના મંજૂર થયુ છે. પંચાયતમાં ૩ સભ્યો વિરૂદ્ધ ૪ સભ્યોએ આ નામંજૂર કરેલ છે. ઉવારસદ ગ્રામ પંચાયતને સુપરસીડ કરવા માટેની દરખાસ્ત જિલ્લા પંચાયતે તાલુકા વિકાસ અધિકારીના અહેવાલને આધારે મોકલી આપી છે. હવે વિકાસ કમિશનરે આ અંગે નોટીસ પાઠવી સભ્યો અને સરપંચ પાસે જવાબ માંગતા આ મામલે શુ થાય છે તેના પર સૌની મીટ મંડાઈ છે.

# સેકટરોમાં જળબંબાકારની સ્થિતિને ડામવા લાઈનની સફાઈ હાથ ધરાશે

**પ્રિમોન્સુન એક્ટિવીટના ભાગરૂપે વરસાદી પાણીના નિકાલની લાઇનમાંથી કચરો સાફ કરાશે : ગત ચોમાસામાં પણ ઠેર ઠેર વરસાદી પાણી ભરાઇ ગયા હતા**

ગાંધીનગર તા ૮

ગાંધીનગર શહેરમાં પાણી ગટરની લાઈનના ખોદકામના લીધે વરસાદી ઝાપટમાં જ ઠેર ઠેર માટી પોલાણ થાય છે. જયારે હવે ચોમાસુ નજીકમાં છે ત્યારે સેકટરોમાં દરવર્ષની જેમ જળબંબાકારની સ્થિતિ ન સર્જાય તે માટે પ્રિમોન્સુન એક્ટિવીટના ભાગરૂપે વરસાદી પાણીના નિકાલ માટે લાઈનની સફાઈ કરવા માટે પણ આયોજન કરી દેવાયુ છે. લાઈનમાં કચરાના ભરાવો દુર કરવા સહીત પાણીના નિકાલ માટે નડતરરૂપ અવરોધો પણ દુર કરાશે.

ગાંધીનગર શહેરમાં એકબાજુ પાણી ગટરની નવી લાઈન નાંખવા માટે ઠેર ઠેર ખોદકામ થઈ રહ્યુ છે જયારે નવી લાઈન નાંખવાના ખોદકામના અંતે યોગ્ય માટી પુરાણ ન થવાના લીધે વરસાદી દિવસોમાં ઠેર ઠેર પોલાણ થવાની સંભાવના છે. ત્યારે ચોમાસા દરમિયાન સેકટરવાસીઓ માટે શિરદર્દ ઉભો થાય તેવી સંભાવના છે. જેને અનુલક્ષીને અત્યારથી જ વિશેષ આગોતરુ આયોજન કરવાની અનિવાર્યતા હોવાનો સુર ઉઠવા પામ્યો છે. બીજીતરફ પાટનગર યોજના વિભાગ કક્ષાએથી સેકટરોમાં વરસાદી પાણીનો ભરાવો ન થાય તે માટે પ્રિમાન્સુન એક્ટિવીટીના ભાગરૂપે વરસાદી પાણીના નિકાલની લાઇનની સફાઈ કરવા માટે પણ આયોજન કરી દેવાયુ છે. શહેરમાં મોટાભાગના ઠેકાણે હવે વરસાદી પાણીની લાઈન નાંખી દેવામાં આવી છે. પરંતુ ચોમાસા દરમિયાન અનેક ઠેકાણે જળબંબાકારની સ્થિતિ સર્જાતી હોવાનો અનુભવ પણ છે. આવા સંજોગોમાં આગામી વરસાદી દિવસોને ધ્યાનમાં રાખીને તંત્ર દ્વારા અત્યારથી જ આયોજન કરી દેવાયુ છે. શહેરના માર્ગોનુ વાઇડનીંગ કરવાની સાથે ફુટપાથની સાથે અન્ડર ગ્રાઉન્ડ સ્ટોર્મ વોટર લાઈન પણ નાંખવામાં આવી છે. જયારે કાંસ ગટર ભારે વરસાદના સંજોગોમાં ઉભરાતી નજરે પડે છે.

ગત વર્ષે પણ ચોમાસા દરમિયાન ઘણાં ઠેકાણે પાણીનો ભરાવો થયો હતો. જયારે આ સમય દરમિયાન તંત્રના અધિકારીઓને આ મામલે ઉચ્ચ કક્ષાએથી સુચના પણ આપવામાં આવી હતી. સુત્રોમાંથી પ્રાપ્ત થતી માહીતી અનુસાર નગરના મુખ્ય ચ અને ઘ માર્ગ સહીતના વિવિધ માર્ગો પર પાણીના નિકાલમાં અડચણરૂપ થતા પરિબળો દુર કરાશે. ધુળ કચરો ભરાઇ ગયો તેની સફાઈ પણ કરવામાં આવશે. વરસાદી પાણીના નિકાલની લાઈનની સફાઈ માટે ટીમો કામે લાગશે. જયારે પાણીના નિકાલ માટે યોગ્ય ઢોળાવ પણ આપી દેવાશે જેના લીધે ચોમાસા દરમિયાન વરસાદ વરસશે તો પણ પાણીનો ભરાવો થાય નહી તે દીશામાં તંત્ર દ્વારા કામગીરી હાથ ધરવા આયોજન કરાયુ છે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
Pidilite Roff TILE & STONE FIXING EXPERT
Birla White THE WHITEST WHITE CEMENT
VINAYAK 500 ટી.એમ.ટી. સળીયા
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
મો. : (ઓ) ૯૬૮૭૬ ૨૭૦૦૮
શાખા :
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૪૩૨૧૮૬, ૯૦૯૯૯૬૨૯૪૬
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, તથા બિલ્ડીંગ મટીરીયલ્સ
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT

# શહેરમાં ઉનાળો બન્યો આકરો : પારો ૪૧ ડિગ્રી

## છેલ્લા ચાર દિવસથી ધીમે ધીમે ઉંચકાઈ રહેલુ તાપમાન ૪૧ ડિગ્રીને પાર પહોંચ્યુ : આકાશમાંથી અંગારા વરસતા વસાહતીઓ આકરી ગરમીથી પરેશાન

ગાંધીનગર, તા. ૮

ઉનાળાએ ઘણા દિવસો બાદ



તેનો અસલી મિજાજ દર્શાવ્યો છે. મહત્તમ તાપમાન ૪૧ ડિગ્રીને પાર પહોંચીને ૪૧.૫ ડિ.સે. નોંધાતા વસાહતીઓએ આકરી ગરમીનો અહેસાસ કર્યો હતો. આકરા તડકાને કારણે બપોરે લૂ નો અનુભવ થતો હતો.

મે મહિનાના પ્રારંભ સાથે જ ઉનાળાએ તેનો અસલી રંગ બતાવવો શરૂ કરી દીધો છે. માર્ચ અને એપ્રિલ મહિનામાં માવઠાની અસર વધુ રહી હતી. ઘણા દિવસો સુધી વાદળોની અવરજવર રહી હતી અને વરસાદ પણ પડ્યો હતો. જેના કારણે મહત્તમ તાપમાન ૪૦ ડિગ્રીની નીચે જ રહ્યુ હતુ. જો કે એપ્રિલ મહિનાના અંતિમ દિવસોમાં કમોસમી વરસાદી ઝાંપટુ પડ્યા બાદ છેલ્લા બે-ત્રણ દિવસથી ગરમી વધી રહી છે. સવાર પડતાં જ જાણે સૂરજદાદા આકરા મિજાજમાં હોય તેમ તડકો આકરો બનવા લાગે છે. સવારે દસ વાગ્યાની આસપાસ તો જાણે ભર બપોર થઈ ગઈ હોય તેમ આકાશમાંથી જાણે અગનગોળા વરસવા લાગે છે. બપોરના સમયે તડકો ખૂબ આકરો બનતા વસાહતીઓ ઘરમાં પુરાઈ રહેવાનું પસંદ કરે છે. ઘર અને કચેરીઓમાં પંખા, એસી અને કુલર ફૂલસ્પીડે ચાલવા લાગે છે. આજે તો તડકો એટલો આકરો લાગ્યો હતો કે બપોરના સમયે લૂ ફૂંકાતી હોય તેવો અહેસાસ થતો હતો. બપોરના સમયે કામથી બહાર નીકળેલા વાહનચાલકો લૂ અને તડકાથી બચવા રૂમાલ, સ્કાર્ફ અને ટોપીનો ઉપયોગ કરતા નજરે ચઢ્યા હતા.

શેરડીના રસના કોલા, આઈસક્રીમ પાર્લર અને બરફગોળાની લારીઓ પર ભીડ જોવા મળી હતી. ઠંડા પાણીની પરબો પર પાણી ખુટી ગયુ હોય તેવી સ્થિતિ સર્જાઈ હતી. હવામાન વિભાગે આગાહી કરી છે કે આગામી ચાર-પાંચ દિવસ વરસાદની શક્યતાઓ નથી. ખૂબ જ ગરમી પડશે અને કેટલાક વિસ્તારોમાં મહત્તમ તાપમાન ૪૧-૪૨ ડિગ્રીથી વધી જશે. કેટલાક વિસ્તારો માટે યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યુ છે.

# ગાંધીનગરમાં હવે ગરમી પ્રકોપ વધશે મહત્તમ તાપમાન ૪૪ ડિગ્રી સુધી પહોંચશે

ગાંધીનગર તા ૮

ગાંધીનગરમાં છેલ્લા બે મહીનાથી વારંવાર વાતાવરણ પલ્ટાના અંતે ગરમીની મોસમની જમાવટ થઈ નથી પરંતુ હવે દરમિયાન પણ આંધી વંટોળ વચ્ચે ગરમી પડશે તેમ પણ હવામાન શાસ્ત્રીએ જણાંવ્યુ છે.

જાણીતા હવામાન શાસ્ત્રી અંબાલાલ પટેલના જણાંવ્યા મુજબ બંગાળના ઉપસાગરમાથી આવતો ભેજ ગુજરાત તરફ આવતા તેનુ સાનુકુળ હવામાન મળ્યુ છે. જેના લીધે ગાજવીજ અને વિજ પ્રપાત સાથે કમોસમી વરસાદ થવામાં

**તા ૧૦ અને ૧૧ ના કૃતિકા નક્ષત્રમાં વરસાદના છાંટા પડે તો સારુ રહે જયારે આગામી ૧૦ દિવસ ગરમીનો પારો ઉપર ચઢશે : અંબાલાલ પટેલ : તા ૧૮ અને ૧૯ દરમિયાન આંધી વંટોળના સંજોગોમાં પણ ગરમીનુ જોર રહેશે આગામી તા ૨૨ થી ૨૪ મેં દરમિયાન રાજયના કેટલાક ભાગોમાં વરસાદ થશે : તા ૨૮ થી ૧૦ જુન દરમિયાન અરબસાગરમાં હળવા પ્રકારનુ ચક્રવાત ગુજરાત તરફ આગળ વધે તો દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના ભાગોમાં સારો વરસાદ થવાની સંભાવના**

ગરમીનુ જોર વધશે આગામી ૧૦ દિવસ ગરમીનો પ્રકોપ વધશે તા ૮ થી ૧૮ મેં દરમિયાન મહત્તમ તાપમાન ૪૩ થી ૪૪ ડીગ્રી સુધી જવાની સંભાવના છે. જયારે તા ૧૦અને ૧૧ કૃતિકા નક્ષત્રમાં સર્ય આવતા આંધી વંટોળનુ પ્રમાણ વધી શકે છે જો કે આ નક્ષત્રમાં છાંટા પડે તો સારુ માનવામાં આવે છે. આગામી તા ૧૮ અને ૧૯ આ વખતે પશ્ચિમી વિક્ષેપની અસર હેઠળ રાજયના ભાગોમાં કમોસમી વરસાદના લીધે કૃષિ પાકોને તેમજ માર્કેટ યાર્ડમાં આવેલા ખેતપાકના માલને નુકશાન થવામાં હતુ. આફ્રિકાના વંટોળીયા ભુમધ્યમહાસાગર તરફથી આવતા ભેજવાળા પવનો એશિયા ખંડ પરથી વાતા ઠંડા પવનો અરબસાગરમાં આવતો ભેજ હતો. દેશના ઉત્તરીય પર્વતીય પ્રદેશમાં ભારે હીમવર્ષના લીધે હરકત આવી હતી. ઘણીવાર હીમાલયના ભાગોમાં આવી સ્થિતિમાં ભુસ્ખલન થતુ હોય છે. પ્રિમોન્સુન સ્થિતિ અંગે હવે આગામી દિવસોમાં જોઈએ તો તા ૮ મેં થી ગરમી પડશે. જયારે તા ૧૨ મેં સુધીમાં ગરમીનો પ્રકોપ વધી

● અનુસંધાન પાન-૭ પર

# ઉદ્યાનોની જાળવણી-નિભાવણીની ફરિયાદોના ઉકેલ માટે મનપા એજન્સીઓ સાથે બેઠક યોજશે

**ગ્રીન ગાંધીનગરની થીમને આગળ ધપાવવા ઉદ્યાનનગરીમાં વૃક્ષારોપણ સહિતની અન્ય કામગીરી પણ કરવાનો નિર્ણય આ બેઠકમાં લેવામાં આવશે**

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર મનપા દ્વારા શહેરના ઉદ્યાનોની જાળવણી અને નિભાવણીને લઈ એજન્સીઓ સાથે બેઠક યોજવાની દિશામાં ચક્રો ગતિમાન થયા છે. ઉદ્યાનનગરી તરીકે ઓળખાતા પાટનગરના ઉદ્યાનો એક તબક્કે સાવ સુક્કા થયા હતા અને પછી મનપાને તે ફાળવવામાં આવ્યા હતા. આ પછી મનપાએ કરોડોના ખર્ચે તેનુ રિનોવેશન કર્યુ છે. હવે તેની જાળવણી અને નિભાવણીની ટેન્ડરમાં રાહત હોવા છતાં એજન્સીઓ દ્વારા ઉદાસીનતા દાખવવામાં આવી રહી છે.

મનપાના કમિશનરશ્રીએ આ મુદ્દાને અતિ ગંભીરતાથી લીધો છે. કમિશનરશ્રીએ આ બાબતે વિવિધ સેક્ટરોના ઉદ્યાનોની પણ મુલાકાત લીધી છે અને એજન્સીઓને નોટીસ આપવામાં આવી છે.

હાલ વેકેશનનો માહોલ ચાલે છે તેમજ કેટલાક ઉદ્યાનોમાં યોગના વર્ગો ચાલી રહ્યા છે પણ આ ઉદ્યાનોની સફાઈ અને જાળવણી યોગ્ય રીતે ન થતી હોવાથી કોઈપણ પ્રકારના આકરા પગલાં લેતા પહેલાં તંત્ર દ્વારા એજન્સીઓની સાથે એક બેઠક કરવાનું આયોજન હાથ ધરાયુ હોવાનું જાણવા મળેલ છે.

● અનુસંધાન પાન-૭ પર

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com